PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૫/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 2442-12 તારીખ : 30-3-19

**<u>રજી. એડી. પત્ર</u>**

પ્રતિ,
બંસીધર પોલીમર્સ , ધોરીવાવ સામે, જુનાગઢ રોડ
c/o-પરેશભાઈ બાબુભાઈ જાગાણી, રામ મંદિર સામેની શેરી સ્ટેશન રોડ ,
મુ. પો. : ધોરાજી-૩૬૦૪૧૦, તા. : ધોરાજી, જી. : રાજકોટ ,
મોબાઈલ : ૯૮૨૫૧૨૨૪૫૮

વિષય : નવેમ્બર-૨૦૧૮ ના વીજબિલમાં સુધારો કરી આપવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૪૫/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ચોજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ધોરાજી.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ધોરાજી શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/ ૪૫/ક્વા-૦૪/૧૮-૧૯/** 2442-12 **તા.** 30-3-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૫/ક્વા-૦૪/૧૮-૧૯

અરજદાર: બંસીધર પોલીમર્સ - ધોરીવાવ સામે

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ધોરાજી

## :: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી - રાજકોટ

તારીખ: 30/03/૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. 30/03/૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ ત્યારે સદર કેસની સુનાવણી કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર **બંસીધર પોલીમર્સ** , ગામ – ધોરાજી તેઓની અરજી ના નોંધણી નંબર : ૪૫/ક્વા-0૪/૨૦૧૮-૧૯ જણાવે છે કે, તેઓ ધોરાજી ખાતે **બંસીધર પોલીમર્સ** ના નામથી ભાગીદારી વીજજોડાણ – ૩૩૭૦૧ / ૦૦૩૭૭ / ૭ થી ધરાવે છે.

૨.૧ સદર યુનીટમા પ્લાસ્ટીક રીપ્રોસેસ ની કામગીરી વર્ષો થી કરવામા આવે છે, તા.૧૩-૧૧-૧૮ ના રોજ તેમના યુનીટ ની કામગીરી બંધ હોય – પીજીવીસીએલ દ્વારા ફોલ્ટી મીટર નુ બીલ અપાયેલ હતુ, જે અન્વયે તા.૧૫-૧૧-૧૮ ના રોજ તેમનુ મીટર બદલી નાખવામા આવેલ હતુ, જે મીટર ની ચકાસણી તા.૦૭-૧૨-૧૮ ના રોજ કરાયેલ હતી – જેમા મીટર આંતરીક ખામીના કારણોસર ફોલ્ટી જણાયેલ હતુ. તેમજ રીડીંગ મળેલ ન હતા.

૨.૨ આમ, સદર મીટર ની આંતરીક ખામી ના તેઓ જવાબદાર ન હોય – તેઓને અપાયેલ ફોલ્ટી મીટર નુ વીજબીલ માહે નવેમ્બર -૧૮ – જે યુનીટ ની કામગીરી બંધ હોય અન્યાયી ધોરણે **અપાયેલ** છે.

૨.૩ સવાલવાળા મીટરના – લેબોરેટરી ચેકીંગ ના રીપોર્ટ મુજબ – ડેટા ઉપલબ્ધ થઈ શકેલ ન હોવાથી – અરજદારે તા.૨૬-૧૨-૧૮ થી લેખીત અરજીમા જણાવ્યા મુજબ – ટ્રાન્સફોર્મર ઉપર લગાડેલ મીટર ના એમ.આર.આઈ. અહેવાલ લઈને – તેઓનુ યુનીટ કેટલા દિવસ બંધ હતુ, તે ચકાસણી કરી આપવા જણાવેલ – જે અનુસંધાને – પીજીવીસીએલની સબંધક કચેરી દ્વારા – સદર ટ્રાન્સફોર્મર મીટર નો ડેટા લેવામા આવેલ – જેમા તા.૦૬-૧૧-૧૮ થી તા.૧૫-૧૧-૧૮ સુધી વીજવપરાશ બંધ હતો, તેમ રેકર્ડ પરથી નકકી થયેલ છે. જેથી, માહે નવેમ્બર-૧૮ અને ડિસેમ્બર-૧૮ ના વીજબીલ માં સુધારો કરી રીવાઇઝ બીલ આપવા વિનંતી કરેલ છે.

૨.૪ તેમજ માહે જાન્યુઆરી–૧૯ ના વીજબીલમાં વિલંબીત ચાર્જ રૂ.૮૦૩/૬૦ લગાડેલ છે. જે અન્વયે જણાવેલ કે – તેઓએ દરેક વીજબીલ સમયમર્યાદા થી મોડુ કરેલ નથી. જેથી, સદર રકમ રીફંડ આપવા વિનંતી કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે સંદર્ભ ર થી અત્રેની કચેરી ને ફરિયાદ મળેલ છે. જે મુજબ અત્રેની કચેરી હેઠળના શહેર પેટા વિભાગ ધોરાજી કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના ધોરાજી શહેરના ગ્રાહક ઔધોગિક ગ્રાહક બંસીધર પોલીમર્સ ગ્રા.નં.૩૩૭૦૧/૦૦૩૭૭/૭ નું વીજજોડાણ ધરાવે છે. આ વીજજોડાણમા સદર ગ્રાહકનું લેબ રીપોર્ટ મુજબ આંતરિક ખામી ના કારણે મીટર ફોલ્ટી થતા માહે નવેમ્બર – ૨૦૧૮ માં ગ્રાહકને એવરેજ બિલ ૧૩૦૧૦ યુનિટ નું આપવામાં આવેલ હતું.

૩.૧ જે વીજબીલ ગ્રાહક/પ્રતિનિધિની ને મંજુર ના હોઈ સદર વીજબીલ બાબતે અરજદાર દ્વારા ફોરમ સમક્ષ ફરિયાદ તા. ૦૪/૦૨/૨૦૧૯ના રોજ કરેલ હતી.

૩.૨ સદર મીટર નો MRI લેબ રીપોર્ટ મુજબ ડેટા ઉપલબ્ધ ન હોઈ, સદર ગ્રાહકના TC મીટર ના રેકોર્ડ મુજબ ગ્રાહક શ્રી ને વિવાદિત ૧૦ દિવસ માં તેમનું યુનિટ બંધ હોઈ તેટલા દિવસોનું એવરેજ બિલ આપવા રજૂઆત કરેલ હોઈ TC મીટર (DTM) ના ડેટા ને બેઇઝ તરીકે લઇ તા.૦૭/૧૧/૧૮ થી ૧૪/૧૧/૧૮ કુલ ૦૮ દિવસની એવરેજ ૩૦ દિવસના બિલમાંથી બાદ કરતા ૨૨ દિવસ મુજબ બિલીંગ વપરાશ ગણી ગ્રાહકને પ્રતિ દિવસ ૪૩૩ યુનિટ લેખે ૦૮ દિવસના યુનિટ બીલમાં જમા આપવા નિર્ણય લેવાતા ગ્રાહકશ્રી ને આ સમાધાન મંજુર હોઈ સદર કેસ નું સંતોષકારક નિરાકરણ થયેલ છે આ સાથે ફોરમ સમક્ષ ગ્રાહકશ્રીની ફરિયાદના અનુસંધાને વિભાગીય કચેરી કક્ષાએ ગ્રાહકની સમાધાન ની પુરસીસ તા.૨૦–૦૨–૧૯ થી રજુ કરેલ છે.

# :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ થી ૨.૪ અને પેરા નં ૩.૦ થી ૩.૨ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારે લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા. ૨૦–૦૨–૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (પી.બી. પારેખ) |
| સ્વતંત્ર સભ્ય | ટેકનીકલ સભ્ય | કા.વા.ચેરપર્સન |
| ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ | ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ | ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ |